NAVSARI AGRICULTURAL UNIVERSITY

**કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી-૩૯૬૪૫૦**

# :: પરિપત્ર ::

આથી યુનિવર્સિટીના તમામ યુનિટ સબ યુનિટ અધિકારીશ્રીને જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન મુખ્ય કેમ્પસના કુલ-૬ મકાનો ડીસ્મેન્ટલની કામગીરી અંગેના ટેન્ડરો પ્રકાશિત કરી હરીફાઇ યુકત ભાવો મંગાવેલ હતા જેમાં (૧) **નવસારી કૃષિ યુનવર્સિટી, નવસારી મુકામે વર્ગ-૩ના બ્લોક નં. ૩ ના સી કેટેગરીના મકાન નં. ૧૩ થી ૨૪** તથા (૨) **બી-૧ કેટેગરીના મકાન નં. ૨૫ થી ૩૬ મકાન તોડી કાટમાળ લઇ જવાની કામગીરી પેટે સૌથી વધુ ઓફર કરનાર** **Varis Scrap Traders, C/o. Faruk Sokat Shaikh Shop No.16, Ashirwad Appt. Boltighor, Chhapra Road, Navsari-396445** ના ભાવો મંજુર કરવામાં આવેલ હતા, ઠેકેદાર દ્વારા સદર કામોની ડીપોઝીટની રકમ તથા ૧૦% એડવાન્સ રકમ જમાં કરાવેલ હતી જયારે બાકી રહેલ ૯૦% રકમ જમાં કરાવવા નિષ્ફળ ગયેલ હોવાથી ટેન્ડરની જોગવાઇ મુજબ નિયુકત થયેલ કમિટી દ્વારાની ભલામણ મુજબ અત્રેની કચેરીની તા.૨૧/૧૧/૨૦૨૩ની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી સદર એજન્સી દ્વારા જમાં કરાવેલ ડીપોઝીટ તથા એડવાન્સ રકમ જપ્ત કરી તેમને યુનિવર્સિટીના તમામ યુનિટ ખાતે યોજાતી ડેડસ્ટોક આઇટમો હરાજી/મકાન ડીસ્મેન્ટલ તથા અન્ય કન્ઝયુમેબલ આઇટમોની હરાજીમાં ભાગ લેવા અંગે **Varis Scrap Traders, C/o. Faruk Sokat Shaikh Shop No.16, Ashirwad Appt. Boltighor, Chhapra Road, Navsari-396445** ચાલુ નાણાંકીય વર્ષ તથા આગામી નાણાંકીય વર્ષ.૨૦૨૪-૨૦૨૫ અંત સુધી બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવે છે, જેની તમામ યુનિટ/સબ યુનિટ વડાશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

સદર પરિપત્ર અત્રેની કચેરીની તા.૨૧/૧૧/૨૦૨૩ની નોંધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી પ્રકાશિત કરવામાં આવે છે.

28.11.23

જા.નં.નકૃયુ/કાઇ/બી-3/ ૫૨૩૩-૩૬/૨૦૨૩
નવસારી તા.૨૮/૧૧/૨૦૨૩

**કાર્યપાલક ઇજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

૧. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૨. કુલસચિવ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૩. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
૪. તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારુ.